# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2025** **MORNING : 7.45 to 7.55**

**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર નીકીતા શાહ વાંચે છે.**

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં 12 હજાર 200 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદ્ઘાટન -ખાતમુહુર્ત કરશે

2. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન નિયમ 2025ના ડ્રાફ્ટમાં નાગરિકોના ડેટાની સુરક્ષા અને તેમના અધિકારોની સુરક્ષા માટેની જોગવાઈઓ કરાઇ હોવાનું જણાવતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ

3. ચીનમાં શ્વસન સંબંધી રોગોના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તકેદારીના ભાગરૂપે જોઈન્ટ મોનિટરિંગ ગ્રુપની બેઠક યોજી

4. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન બે દિવસીય ભારતની મુલાકાતે આજે નવી દિલ્હી પહોંચશે

**5. બલૂચિસ્તાનમાં આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં આઠ સુરક્ષાકર્મીઓના મોત અને 40 થી વધુ ઘાયલ**

**6. પાંચમી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને જીત માટે 162 રનનુ લક્ષ્યાંક આપ્યું**

**********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM LOKARPAN DELHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં 12 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના બહુવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

4 હજાર 600 કરોડ રૂપિયાના સાહિબાબાદ અને ન્યૂ અશોક નગર વચ્ચેના દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ,નમો ભારત કોરિડોરના,13 કિલોમીટરના પટ્ટાનું પણ પ્રધાનમંત્રી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવશે. સાહિબાબાદ આરઆરટીએસ સ્ટેશનથી ન્યૂ અશોક નગર આરઆરટીએસ સ્ટેશન સુધી નમો ભારત ટ્રેનની સવારી પણ કરશે.

શ્રી મોદી લગભગ 1 હજાર 200 કરોડ રૂપિયાના દિલ્હી મેટ્રો ફેઝ-4ના જનકપુરી અને કૃષ્ણા પાર્ક વચ્ચેના 2.8 કિલોમીટરના પટ્ટાનું પણ ઉદ્ઘાટન કરશે. આ ઉપરાંત, પીએમ મોદી લગભગ 6 હજાર 230 કરોડ રૂપિયાના દિલ્હી મેટ્રો ફેઝ-4ના 26.5 કિમી રિથાલા-કુંડલી સેક્શનનો શિલાન્યાસ કરશે. આ કોરિડોર દિલ્હીના રિથાલાને હરિયાણાના નાથુપુર (કુંડલી) સાથે જોડશે. તેઓ રોહિણી, નવી દિલ્હી ખાતે સેન્ટ્રલ આયુર્વેદ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CARI) માટે નવી અત્યાધુનિક ઇમારતનો શિલાન્યાસ પણ કરશે.-અને પરિવર્તન રેલી ને સંબોધિત કરશે.

## ASHVINI VAISHNAV

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન નિયમ 2025ના ડ્રાફ્ટમાં નાગરિકોના ડેટાની સુરક્ષા અને તેમના અધિકારોની સુરક્ષા માટેની જોગવાઈઓ છે. ગઈકાલે આકાશવાણી ન્યૂઝ સાથે

વિશેષ વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે ડ્રાફ્ટ નિયમોમાં ત્રણ મુખ્ય ઘટકોનો સમાવેશ કરાયો છે. જેમાં નાગરિકોના અંગત ડેટાને સુરક્ષિત રાખવા માટેની જોગવાઈઓ છે. વધુમાં શ્રી વૈષ્ણવ જણાવ્યું કે ..

# બાઈટ- અશ્વિની વૈષ્ણવ

# CHOUHAN-MEETING WITH MINISTERS

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે સરકાર ઉત્પાદન અને વપરાશ કરતા રાજ્યો વચ્ચેના ભાવનો તફાવત દૂર કરવા માટે પરિવહન અને સંગ્રહનો ખર્ચ ઉઠાવશે.

ગઇકાલે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કૃષિ મંત્રી સાથેની સમીક્ષા બેઠક દરમિયાન શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે આ વર્ષે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોનો વિકાસ દર 3.5 ટકાથી 4 ટકાની વચ્ચે રહેવાની સંભાવના છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ 11 કરોડ ખેડૂતોને 18 હપ્તામાં અંદાજે 3 લાખ 46 હજાર કરોડ રૂપિયાની રકમનું વિતરણ કરવામાં આવ્યું છે.

શ્રી ચૌહાણે કહ્યું કે કિસાન ક્રેડિટ કાર્ડ પર ઓછા વ્યાજે લોનની જોગવાઈ સહિત અનેક પગલાં લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે કૃષિ ક્ષેત્રમાં પ્રગતિ થઈ રહી છે અને તેમનું મંત્રાલય આ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. તેમણે માહિતી આપી હતી કે રાસાયણિક ખાતરોના સતત ઉપયોગથી જમીનને થતા નુકસાનને ટાળવા માટે કુદરતી ખેતી મિશનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે અન્ય એક અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે.

# CHINE FLU

છેલ્લા કેટલાક સપ્તાહમાં ચીનમાં શ્વસન સંબંધી રોગોના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જોઈન્ટ મોનિટરિંગ ગ્રુપની બેઠક યોજી હતી. ગઈકાલે નવી દિલ્હીમાં આરોગ્ય સેવાઓના મહાનિર્દેશકની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. વિગતવાર ચર્ચા અને હાલમાં ઉપલબ્ધ માહિતીના આધારે, એ વાત પર સહમતિ સધાઈ હતી કે ચીનમાં ચાલી રહેલી ફ્લૂની સિઝનને જોતાં આ પરિસ્થિતિ અસામાન્ય નથી. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત ચીનની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને આરોગ્ય વિભાગે વિશ્વ આરોગ્ય સંસ્થાને પરિસ્થિતિ અંગે સમયાંતરે અપડેટ્સ શેર કરવા વિનંતી કરી છે.

બીજી બાજુ, ડોકટરોએ પણ પુષ્ટિ કરી છે કે અપેક્ષિત મોસમી ફેરફારો સિવાય, છેલ્લા કેટલાક અઠવાડિયામાં ભારતમાં શ્વસન રોગોના કેસોમાં કોઈ વધારો થયો નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

# US SECRETARY

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન બે દિવસીય ભારતની મુલાકાતે આજે નવી દિલ્હી આવશે  તેઓ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે વાતચીત કરશે. બંને નેતાઓ અવકાશ, સંરક્ષણ અને વ્યૂહાત્મક ટેક્નોલોજી સહકાર સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.. તેમની મુલાકાત દરમિયાન શ્રી સુલિવાન, વિદેશ મંત્રી એસ જયશંકર અને અન્ય ભારતીય નેતાઓને પણ મળશે. તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દિલ્હી (IIT)ની પણ મુલાકાત લેશે.

# RAILWAYS - MAHA KUMBH

કુંભ મેળા માટે રેલવે 13 હજાર ટ્રેનો દોડાવશે. તેમાંથી 3 હજાર વિશેષ ટ્રેનો હશે. આ ટ્રેનો મહા કુંભ દરમિયાન 50 દિવસથી વધુ ચાલશે. તેમાં મેળા પછીના બે-ત્રણ દિવસનો પણ સમાવેશ થાય છે. મહાકુંભમાં લગભગ 40 કરોડ લોકો હાજરી આપે તેવી શક્યતા છે. ઉત્તર મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી  શશિકાંત ત્રિપાઠીએ જણાવ્યું હતું કે રેલવેએ યાત્રાળુઓ માટે સરળ અને સલામત અનુભવ સુનિશ્ચિત કરવા માટે વિશેષ  યોજના ઘડી છે લાખો શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ માટે સીમલેસ કોમ્યુનિકેશન, ટ્રાન્સપોર્ટેશન અને અન્ય સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે સરકાર અને રેલવે સત્તાવાળાઓ સાથે મળીને કામ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે  પ્રયાગરાજમાં મહાકુંભ આ મહિનાની 13મીથી 26મી ફેબ્રુઆરી સુધી યોજાશે

# CHHATTISHGARH ENCOUNTER

છત્તીસગઢના નારાયણપુર અને દંતેવાડા જિલ્લાના અબુઝમાદના જંગલોમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ના અહેવાલ છે. બસ્તરના આઈજી પી સુંદરરાજે એન્કાઉન્ટર અંગે આ માહિતી આપી હતી. આ અંગે વધુ વિગતોની  રાહ જોવાઈ રહી છે.

અધિક પોલીસ અધિક્ષક જિતેન્દ્ર ચંદ્રકરે જણાવ્યું હતું કે અગાઉ ગઈકાલે છત્તીસગઢના ગારિયાબંદ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. અન્ય ઘટનાઓમાં, બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ નેન્દ્ર-પુન્નુર જંગલોમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે નક્સલવાદીઓ માર્યા ગયા હતા.

# PAK BLAST

પાકિસ્તાનમાં, બલૂચિસ્તાનના તુર્બતના ધાંગ વિસ્તારમાં પેસેન્જર વાન અને પોલીસ વાહનને નિશાન બનાવીને કરાયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા આઠ સુરક્ષાકર્મીઓ માર્યા ગયા અને 40 થી વધુ ઘાયલ થયા છે  અલગતાવાદી જૂથ, બલોચ લિબરેશન આર્મીએ હુમલાની જવાબદારી લીધી છે

આત્મઘાતી વિસ્ફોટ બાદ પોલીસ અને સુરક્ષા દળોની ટુકડીઓએ વિસ્ફોટના સ્થળે પહોંચી આગળની કામગીરી હાથ ધરી હતી.  બચાવ ટુકડીઓએ

ઘાયલો અને મૃતકોને સ્થાનિક હોસ્પિટલોમાં ખસેડ્યા હતા જોકે મોટાભાગના ઘાયલોની હાલત ગંભીર છે.

આ હુમલો BLA દ્વારા બલૂચિસ્તાનમાં લશ્કરી કાફલાઓ, સુરક્ષા ચોકીઓ અને પોલીસ વાહનોને નિશાન બનાવતા શ્રેણીબદ્ધ હુમલાઓનો ભાગરૂપે કરાયો છે.

# TEST CRICKET

ટેસ્ટ ક્રિકેટમાં, સિડનીમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે ઓસ્ટ્રેલિયાએ 3 વિકેટ ગુમાવિને ૮૫ રન કર્યા છે.

ભારતે ઓસ્ટ્રેલિયા સમક્ષ જીત માટે 162 રનનું લક્ષ્ય આપ્યું છે. ભારતે આજે સવારે 6 વિકેટે 141 રનના તેમના ગઇકાલના સ્કોરથી તેમનો બીજો દાવ ફરી શરૂ કર્યો હતો. જો કે, તેઓ 157 રનમાં આઉટ થતા પહેલા સ્કોરબોર્ડમાં માત્ર 16 રન જ ઉમેરી શક્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી સોટ બોલેન્ડે 6 જ્યારે સુકાની પેટ કમિન્સે 3 વિકેટ ઝડપી હતી.

## અને હવે આજ ના અખબારો ના સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના અખબારોના મુખ્ય સમાચાર પર નજર કરીએ તો.... આજે તમામ વર્તમાનપત્રોમાં અલગ અલગ મુદ્દા ઉપર હેડલાઇન્સ જોવા મળી રહી છે..
- ગુજરાત સમાચારે સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક અને દાખલારૂપ ચુકાદાને મુખ્ય સમાચાર બનાવીને લખ્યું છે કે સંભાળ ના રાખતા સંતાનો પાસેથી માતાપિતા સંપત્તિ પાછી લઇ શકે....
- સંદેશ દૈનિકે કેનેડામાં માતાપિતા અને દાદા દાદી માટે પીઆર બંધ તેવા મુખ્ય સમાચાર પ્રસિધ્ધ કર્યા છે
- દિવ્ય ભાસ્કરે રોહિત શર્માની નિવૃત્તિની અટકળો ઉપર પૂર્ણ વિરામ મૂકતા સમાચાર મુખ્ય પેજ ઉપર પ્રકાશિત કરતા લખ્યુ છે કે અમારે ક્યારે રમવું એ માઇક , લેપટોપ લઇને બેસનારા નક્કી કરી શકે નહી , બે બાળકોના પિતા છુ. પારી પાસે પણ સમજણ છે તેવા રોહિતનું નિવેદન પ્રસિધ્ધ કર્યું છે